## ➢ Text of Advertisement published in Sandesh (Gujarati) on 04.11.2020:

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

www.bankofbaroda.in

**ઈજીએમની સૂચના / નિર્દિષ્ટ / કટ-ઓફફ તારીખ**

**(એક શેરહોલ્ડર ડાયરેક્ટરની ચૂંટણી સંબંધમાં)**

બેન્કે 24મી ડિસેમ્બર, 2020ના રોજ ખાલી પડનારી એક જગ્યા ભરવા માટે કેન્દ્ર સરકાર સિવાયના શેરહોલ્ડરોમાંથી એક શેરહોલ્ડર ડાયરેક્ટર ચૂંટવાની પ્રક્રિયાની પહેલ કરવાનું નક્કી કર્યું છે.

બેન્ક ઓફ બરોડા જનરલ (શેર્સ એન્ડ મિટિંગ્સ) નિયમન 1998 સુધારિત મુજબ (નિયમનો) અને અન્ય લાગુ નિયમો અંતર્ગત, વિડિયો કોન્ફરન્સિંગ (વીસી) /અધર ઓડિયો વિઝ્યુઅલ મીન્સ (ઓએવીએમ) થકી બુધવાર, 23મી ડિસેમ્બર, 2020ના રોજ સવારે 11.00 વાગ્યે યોજવાની નિર્ધારિત બેન્કના શેરહોલ્ડરોની એક્સ્ટ્રાઓર્ડિનરી જનરલ મિટિંગ (ઈજીએમ) ખાતે બેન્કિંગ કંપનીઝ (ઉપક્રમોનું હસ્તાંતરણ અને ટ્રાન્સફર) ધારા 1970ની કલમ 9(3)(i) અંતર્ગત હાથ ધરાનાર ચૂંટણીમાં તેમની વચ્ચેથી કેન્દ્ર સરકાર સિવાયના શેરહોલ્ડરો દ્વારા ચૂંટવાના બેન્ક ઓફ બરોડાના એક ડાયરેક્ટરની ચૂંટણીમાં ભાગ લેવા માટે (એટલે કે, નોમિનેટ, ચૂંટણી લડવા અને મત આપવા) હકદાર શેરહોલ્ડરોની યાદી નિશ્ચિત કરવાના હેતુથી અત્રે સૂચના આપવામાં આવે છે કે **નિર્દિષ્ટ / કટ-ઓફફ તારીખ** તરીકે **શુક્રવાર, 20મી નવેમ્બર, 2020** નક્કી કરવામાં આવી છે. આ સાથે નિયમનના નિયમન 65 (ii) અંતર્ગત વધુમાં માહિતગાર કરવામાં આવે છે કે નોમિનેશન ફોર્મ્સ વગેરે સુપરત કરવા માટે છેલ્લી તારીખ **મંગળવાર, 08મી ડિસેમ્બર, 2020**ના રોજ **સાંજે 4.00 વાગ્યા** સુધી રહેશે.

ચૂંટણી માટે મિટિંગની સૂચના સાથે સુસંગત ફોર્મ્સ ટૂંક સમયમાં જારી કરાશે અને બેન્કની વેબસાઈટ પર પણ મૂકવામાં આવશે.

એમસીએ જનરલ સર્ક્યુલર નંબર 33/2020 તારીખ 28.09.2020, 22/2020 તારીખ 15.06.2020, 17/2020 તારીખ 13.04.2020 અને 14/2020 તારીખ 08.04.2020નું પાલન કરતાં ઈજીએમની સૂચનાની ઈલેક્ટ્રોનિક્સ કોપીઓ બેન્ક /ડિપોઝિટરી સહભાગી(ઓ) સાથે જેમણે ઈમેઈલ સરનામાં નોંધાવ્યાં હોય તે બધા શેરધારકોને મોકલવામાં આવશે. શેરહોલ્ડરો જો ડીમટીરિયલાઈઝ્ડ માધ્યમમાં શેરો ધરાવતા હોય અને જેમની ઈમેઈલ આઈડી નોંધાવવામાં નહીં આવી હોય તેમને તેમના ડિપોઝિટરી સહભાગીઓ થકી તેમની સુસંગત ડિપોઝિટરીઓ સાથે તેમનાં ઈમેઈલ સરનામાં અને મોબાઈલ નંબરો નોંધાવવાની વિનંતી છે. પ્રત્યક્ષ માધ્યમમાં શેરો ધરાવતા શેરહોલ્ડરોનેબેન્કની રજિસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ કેફિન ટેકનોલોજીઝ પ્રાઈવેટ લિમિટેડ (અગાઉની કાર્વી ફિનટેક પ્રાઈવેટ લિમિટેડ) પાસે einward.ris@kfintech.com ખાતે તેમના હોલ્ડિંગ્સ ડિમેટ કરવાની / તેમના ઈમેઈલ સરનામાં અને મોબાઈલ નંબરો આપવાની વિનંતી છે. ઈજીએમની સૂચના બેન્કની વેબસાઈટ www.bankofbaroda.in, શેરબજારની વેબસાઈટ અને આરટીએની વેબસાઈટ, https://evoting.kfintech.com પર પણ ઉપલબ્ધ કરાશે.

શેરહોલ્ડરોને ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ થકી ઈજીએમની સૂચનામાં આપ્યા મુજબ કામકાજ પર રિમોટ થકી તેમના મત આપવાની તક મળશે. ડીમટીરિયલાઈઝ્ડ માધ્યમ, પ્રત્યક્ષ માધ્યમમાં શેરો ધરાવતા શેરહોલ્ડરો માટે રિમોટથી મત આપવાની રીત અને જેમણે ઈમેઈલ સરનામાં નોંધાવ્યાં નથી તે શેરહોલ્ડરો માટે મત આપવાની રીત શેરહોલ્ડરોને સૂચનામાં આપવામાં આવશે. તેની વિગતો બેન્કની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ કરાશે. શેરહોલ્ડરોને આવી વિગતો પ્રાપ્ત કરવા માટે www.bankofbaroda.in ની વિઝિટ કરવાની વિનંતી છે.

**શેરહોલ્ડરો કૃપા કરીને ધ્યાનમાં રાખે કે તથાકથિત સર્ક્યુલરોની દષ્ટિએ બેન્ક શેરહોલ્ડરોને ઈજીએમ સૂચનાની પ્રત્યક્ષ કોપીઓ નહીં મોકલશે.**

બેન્ક ઓફ બરોડા વતી
સંજીવ ચઢ્ઢા
મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ

સ્થળ: મુંબઈ
તારીખ: 03.11.2020

(40/20-21)